# ૧૬ જૂન –૨૦૧૬ (ગુરૂવાર)

## (૧) ઇન્ડિયા ઝિમ્બામ્બવે વન–ડે સિરિઝ

- ઝિમ્બામ્બવે પ્રવાસે ગયેલી ઇન્ડિયન ટીમે ત્રણ મેચની સિરિઝમાં ઝિમ્બામ્બવેને ક્લિનસ્વીપ કર્યું.
- આ સિરિઝમાં ધોનીએ વિકેટ પાછળ ૩૫૦ શિકાર ઝડપના ચોથો શ્રેષ્ઠ વિકેટ કિપર બન્યો, જ્યારે ભારતનો નંબર વન વિકેટકિપર બન્યો.
- ધોની હવે કુમાર સાંગાકારાના ૪૮૨, એડમ ગિલક્રિસ્ટના ૪૭૨ અને માર્ક બાઉચરના ૪૨૪ શિકારથી જ પાછળ છે.
- તેમજ લછોકેશ રાહેલતેની પ્રથમ મેચમાં જ સદી ફટકારી રેકોર્ડ બનાવ્યો હતો.
- જસપ્રિત બુમરાહને ત્રણ મેચમાં નવ વિકેટ ઝડપવા બદલ મેન ઓફ ધ સિરિઝ એવોર્ડ અપાયો હતો.
- આ ઉપરાંત ધોનીએ વન–ડે આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ મેચોમાં કેપ્ટનશીપ કરનારો ખેલાડી પણ બની ગયો હતો.
- ધોનીએ ૧૯૪ મેચમાં કેપ્ટનશીપ કરી છે જ્યારે શ્રીલંકાના અર્જુન રણતુંગાએ ૧૯૩ મેચમાં કેપ્ટનશીપ કરી હતી.
- ભારતે સતત ત્રીજી વખત ઝિમ્બામ્બ્વેને વ્હાઇટ વોશ કર્યું.

## (૨) ફિનલેન્ડે એકલાખ વર્ષ સુધી પરમાણુ કચરો સાચવી શકે એવું બન્કર બનાવ્યું :

- પ્રથમવાર યુરોપિયન દેશ ફિનલેન્ડે પરમાણુ કચરાના નિકાલ માટે જગતની સૌથી મોટી અને મોંઘી કબર તૈયાર કરી છે.
- પરમાણુ કચરાનો નિકાલ કરવો એ આખા જગત માટે બહુ મોટી સમસ્ય છે કેમ કે ન્યુક્લિયર વેસ્ટનું આયુષ્ય લાખો વર્ષનું હોય છે એ દરમિય્ન તેમાંથી રેડીએશન સતત નિકળતું રહે છે જે બહુ નુકશાનકારક છે.
- ઓન્કાલો નામનો આ પ્લાન્ટ તૈયાર કરવા ફિનિશ સરકારે ૫૩ અબજ ડોલરનું બજેટ ફાળવ્યું છે, જે સંપૂર્ણ ટનલ ૨૦૨૦માં પુરી થશે.
- ભૂગર્ભમાં ૧૩૮૦ ફીટ નીચે બનેલી સુરંગમાં ૫ હજાર ટન ન્યુક્લિયર વેસ્ટ દાટી દેવાશે.
- ૨૦૨૦માં તેમા કચરો ઠાલવાનું શરૂ થશે અને ૨૧૨૦ની સાલ સુધી કચરો નાખી શકાશે એ પછી બંકરને માટી માટી પુરીને કાયમી ધોરણે બંધ કરી દેવાશે.
- આખો પ્લાન્ટ તૈયાર થશે ત્યારે ટનલ ૪૨ કિ.મી. લાંબી હશે.
- ટનલમાં ગોઠવનારો કચરો એકથી વધુ પેકીંગમાં પેક કરવામાં આવશે.
- પહેલા લોખંડના નળાકારમાં પેક કરવામાં આવશે પછી તાંબાના પેકિંગમાં વિંટાળશે અને પછી ટનલમાં ગોઠવી દેવામાં આવશે.
- દરેક નળાકારો વચ્ચે ખાસ પ્રકારની માટીનું પડ પણ ગોઠવાશે.
- એક લાખ વર્ષ પછી શુ એનો જવાબ ફિનલેન્ડ સરકાર પાસે પણ નથી કેમ કે ત્યાર ક્યાં પ્રકારની સૃષ્ટિનું અસ્તિત્વ હશે તેની કલ્પના પણ થઇ શકે નથી.

પ્રશ્નો :

(૧) ઇન્ડિયા ઝિમ્બામ્બવે વન–ડે સિરિઝમાં ધોનીએ વિકેટ પાછળ કેટલામો શિકાર ઝડપતા વિશ્વનો ચોથો શ્રેષ્ઠ વિકેટ કિપર બન્યો ?
- ૩૫૦

(૨) ઇન્ટરનેશનલ વન–ડે ક્રિકેટમાં સૌથી વધુ મેચમાં કેપ્ટનશીપ કરનાર ખેલાડી ?
- મહેન્દ્રસિંહ ધોની (૧૯૪ મેચ)

(૩) તાજેતરમાં ભારતે વન–ડે સિરિજમાં ઝિમ્બામ્બ્વેને સળંગ કેટલામી વખત ક્લિનસ્વિપ કર્યું ?
- ત્રીજી વખત

(૪) તાજેતરમાં ક્યાં દેશે પરમાણુ કચરના નિકાલ માટેનું બંકર બનાવ્યું ?
- ફિનલેન્ડ

(૫) ફિનલેન્ડે પરમાણુ કરારના નિકાલ માટે બનાવેલ બંકરમાં કેટલા વર્ષ પરમાણુ કચરો સાચવી શકાશે ?
- ૧ લાખવ વર્ષ

(૬) ઓન્કાલો નામના એ પ્લાન્ટમાં કેટલો પરમાણુ કચરો સાચવી શકાશે ?
- ૫ હજાર ટન ન્યુક્લિયર

(૭) આખો પ્લાન્ટ તૈયાર થયા બાદ ટનલની લંબાઇ કેટલી હશે ?
- ૪૨ કિ.મી.